


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-01 ■ તા. 31-12-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ત્રણ દિવસ બાદ આખરે નીતિનભાઈએ મૌન તોડયું, વેદના ઠાલવી

# પક્ષ નહી છોડું, ૪૦ વર્ષથી ભાજપ માટે મહેનત કરી છે : નીતિન પટેલ

## આ માત્ર ખાતાઓની વાત નથી, પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે, મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે : નીતિન પટેલની સ્પષ્ટ પ્રતિક્રિયા

અમદાવાદ,

ભાજપની નવી સરકારમાં ખાતાઓની ફાળવણીથી લઈ પોતાની ગંભીર ઉપેક્ષાને લઈ ત્રણ દિવસથી નારાજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે સાંજે આખરે મૌન તોડયું હતુ અને પોતાની વેદના ઠાલવી હતી. નીતિનભાઈએ ઢીલા સ્વરે પરંતુ મક્કમતા સાથે સ્પષ્ટ કર્યું હતું કે, હું ભાજપ પાર્ટી નહી છોડું, છેલ્લા ૪૦ વર્ષોથી મેં ભાજપ માટે મહેનત કરી છે. આ માત્ર ખાતાઓની વાત નથી પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે. મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે. જેમણે મને શુભકામના પાઠવી અને મારી ચિંતા કરી તે તમામનો આભાર માનું છું. નીતિન પટેલની નારાજગી અને રિસામણાને લઈ છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને ભાજપમાં હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. નીતિન પટેલ ત્રણ દિવસથી તેમની ઓફિસ પણ ગયા ન હતા અને તેમના નિવાસસ્થાને જ નારાજ થઈને બેઠા હતા. જયાં છેલ્લા ત્રણ દિવસથી પાટીદાર સમાજના આગેવાનોથી માંડી દિગ્ગજ મહાનુભાવોએ નીતિન પટેલની શુભેચ્છા મુલાકાત લઈ તેમને આ નારાજગી પળોમાં સાથ અને ટેકાની હૈયાધારણ આપી હતી. ભાજપની નવી રૂપાણી સરકારમાં ફરી એકવાર પોતાની ઉપેક્ષા અને થયેલા અન્યાયને લઈ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ વખતે આક્રમક મુડમાં જોવા મળ્યા હતા અને છેલ્લા ત્રણ દિવસથી તેઓ રિસાઈને તેમના નિવાસસ્થાને જ બેસી ગયા હતા. નીતિન પટેલના રિસામણાંને લઈ ગુજરાત રાજકારણમાં ફરી એકવાર જોરદાર ગરમાવો આવી ગયો હતો. એટલે સુધી કે, નીતિન પટેલ રાજીનામુ ધરી દેશે અને જરૂર પડયે કોંગ્રેસમાં પણ જોડાઈ શકે છે તેવી અફવાઓ અને અટકળોનું બજાર ગરમ થયું હતું. જેની ભાજપના હાઈકમાન્ડને પણ નોંધ લેવી પડી હતી, વાત એટલી હદ સુધી વધી હતી. ભાજપ મોવડીમંડળ દ્વારા બે દિવસમાં નીતિનભાઈની નારાજગી દૂર કરી તેમને મનાવી લેવાય તેવી પણ શકયતા પ્રવર્તી રહી છે. બીજીબાજુ, નારાજ નીતિનભાઈના નિવાસસ્થાને છેલ્લા ત્રણ દિવસથી તેમના શુભેચ્છકોની મુલાકાતોનો દોર ચાલ્યો હતો. આજે એસપીજી આગેવાન લાલજી પટેલ, ભાજપના દિગ્ગજ નેતાઓ નરોત્તમ પટેલ, વજુ પરસાણા, પાસના પૂર્વ નેતા કેતન પટેલ સહિતના આગેવાનો નીતિનભાઈને રૂબરૂ મળી તેમની વ્યથામાં સહભાગી બન્યા હતા. લાલજી પટેલ સહિતના પાટીદાર આગેવાનોએ નીતિનભાઈના સમર્થનમાં હોવાની જાહેરાત કરતાં માંગણી કરી હતી કે, નીતિનભાઈનો અનુભવ અને પક્ષમાં તેમની કામગીરી તેમ જ વિકાસના કામો જોતાં તેઓ મુખ્યમંત્રી બનવાને લાયક છે. લાલજી પટેલે તા.૧લી જાન્યુઆરીએ મહેસાણા બંધનું એલાન પણ આપ્યું હતું. જો કે, ત્રણ દિવસના મૌન બાદ આજે સાંજે નીતિનભાઈ પટેલે મીડિયા સમક્ષ વાતચીત કરી પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, હું ભાજપ પાર્ટી નહી છોડું, છેલ્લા ૪૦ વર્ષોથી મેં ભાજપ માટે મહેનત કરી છે. આ માત્ર ખાતાઓની વાત નથી પરંતુ વાત સ્વાભિમાન અને સ્વમાનની છે. મારી લાગણી મેં હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી છે મને વિશ્વાસ છે કે, પાર્ટી યોગ્ય નિર્ણય લેશે. જેમણે મનો શુભકામના પાઠવી અને મારી ચિંતા કરી તે તમામનો આભાર માનું છું. મારી વાતને લઈ હાઈકમાન્ડ ગંભીર છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, આ તેમનો આંતરિક વિવાદનો મામલો છે.

### મોડી સાંજે કમલમ ખાતે નીતિન પટેલની વાતચીત

## રૂપાણીએ નીતિનભાઈ મુદ્દે ટિપ્પણી કરવાનું ટાળી દીધું

### ભાજપના ટોપના નેતાઓ પણ નીતિન પટેલના સંપર્કમાં

અમદાવાદ,

ભાજપના વરિષ્ઠ નેતા નીતિન પટેલ ખાતાઓની ફાળવણી કરવામાં આવ્યા બાદથી નાખુશ દેખાઈ રહ્યા છે. નીતિન પટેલને મનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાર્ટી હાઈકમાન્ડે પણ સમગ્ર ઘટના ઉપર ચાંપતી નજર કેન્દ્રિત કરી દીધી છે. આવી સ્થિતિમાં નીતિન પટેલ હજુ પણ નારાજ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે ફલાવર શોનું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા ત્યારે મીડિયાપર્સન દ્વારા મુખ્યમંત્રીને નીતિનભાઈ પટેલ વિશે પ્રશ્નો પૂછાયા હતા. જો કે, રૂપાણીએ નીતિનભાઈ મુદ્દે કોઈપણ જવાબ કે પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું. તેઓ કંઈ બોલ્યા વિના જ રવાના થઈ ગયા હતા. જો કે, રૂપાણી એ અરસામાં મોબાઈલ પર લાંબી વાત કરતા નજરે પડતા હતા, તેથી તે વાતચીત હાઈકમાન્ડ સાથે ચાલી હોય તેવી ચર્ચા પણ ચાલી હતી. ભાજપના ટોપના નેતાઓ સમગ્ર ઘટનાક્રમને લઈને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. મોડી સાંજે નીતિન પટેલ કમલમ જવા માટે રવાના થયા હતા. કમલમ ઓફિસ પર નીતિન પટેલને મનાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવનાર છે. નીતિન પટેલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન આક્રમક પ્રચાર કરીને લોકોને પોતાની તરફેણમાં કર્યા હતા. જોરદાર દેખાવ કર્યો હતો.

### ફિલ્મનું નામ બદલી પદ્માવત કરવા સેન્સર બોર્ડ દ્વારા સૂચન કરાયું

# નવા નામ અને ૨૬ કટ્સ સાથે પદ્માવતી રજૂ થઈ શકે : રિપોર્ટ

## સેન્સર બોર્ડ દ્વારા રચવામાં આવેલી પેનલે ઘણા સૂચનો કર્યા : સૂચનો અમલી બનશે તો ફિલ્મ રજૂ થઈ શકે : વિવાદ અકબંધ : રસ્તાઓ કાઢવાના પ્રયાસો

મુંબઈ,

ફિલ્મ નિર્દેશક સંજય લીલા ભણશાલીની ફિલ્મ પદ્માવતીની રજૂઆતનો માર્ગ મોકળો થઈ ગયો છે. મિડિયા રિપોટ્‌ર્સમાં જણાવવામાં આવ્યું છે કે, સેન્સર બોર્ડે ફિલ્મને ૨૬ કટ્‌સ સાથે રજૂ કરવાની મંજુરી આપી દીધી છે. સાથે સાથે સેન્સર બોર્ડે ફિલ્મનું નામ બદલીને પદ્માવત કરવા માટે કહ્યું છે. આ ઉપરાંત ઘુમર ગીતમાં ફેરફાર કરવા માટે પણ કહ્યું છે. આને લઈને સેન્સર બોર્ડ દ્વારા રચવામાં આવેલી એક પેનલના સુચનો ઉપર આ પ્રકારની બાબતો મળી આવે છે. મળેલી માહિતી મુજબ જો સૂચન મુજબ આ ફેરફાર કરવામાં આવશે તો યુએ સર્ટિફિકેટ આપવામાં આવી શકે છે. એનો અર્થ એ છે કે, આ ફિલ્મને ૧૨ વર્ષથી ઓછી વયના બાળકો માતા-પિતાના નિર્દેશનમાં જોઈ શકશે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, ફિલ્મના પ્રથમ એક ડિસ્ક્લેમર પણ આપવાની જરૂર પડશે. એટલે કે ફિલ્મની પટકથાને કાલ્પનિક દર્શાવવામાં આવશે. અલબત્ત હજુ સુધી ફિલ્મના નિર્દેશક સંજય લીલા અથવા તો નિર્માતા કંપની તરફથી કોઈ પણ પ્રતિક્રિયા મળી નથી. એમ માનવામાં આવે છે કે, આ શરતોને માની લેવાની ગણતરી ચાલી રહી છે. સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ૨૮મી ડિસેમ્બરના દિવસે ફિલ્મને લઈને એક બેઠક યોજી હતી. અંતિમ નિર્ણય સુધી પહોંચવા માટે સીબીએફસીએ એક ખાસ પેનલની રચના કરવાની જરૂરિયાત અનુભવ કરી હતી. આ વિશેષ પેનલમાં ઉદેપુરના અરવિંદ સિંહ, જયપુર યુનિવર્સિટીના ડોક્ટર ચંદ્રમણી સિંહ અને પ્રોફેસર કેકે સિંહ સામેલ હતા. અરવિંદ સિંહના લોકો હજુ પણ નારાજ દેખાઈ રહ્યા છે. કેટલાક સંગઠનોના આક્ષેપ છે કે, ફિલ્મમાં અલાઉદ્દીન ખિલજીને વધુ ભૂમિકામાં દર્શાવવામાં આવ્યો છે. ખિલજી અને રાની પદ્માવતી વચ્ચે ડ્રીમ સિકવન્સ દર્શાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘુમર ડાન્સમાં પણ રાજપૂત સમાજની ખોટીરીતે છાપ દર્શાવવામાં આવી છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે, પુરુષોની સામે રાણી ક્યારે ડાન્સ કરતી ન હતી. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઉઠી રહ્યા છે કે, ઘુમર ગીતમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. ફિલ્મને લઈને વિવાદ અકબંધ રહ્યો છે. સેન્સર બોર્ડે ફિલ્મનું નામ પણ બદલી દેવા માટે સૂચન કર્યું છે. સીબીએફસી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બોર્ડે યુએ પ્રમાણપત્ર આપવાની તૈયારી દર્શાવી છે. બીજી બાજુ સંજય લીલાનું કહેવું છે કે, તેઓએ ૧૫૦ કરોડ રૂપિયા આ ડ્રામા ફિલ્મ ઉપર ખર્ચ કર્યા છે. ફિલ્મમાં દિપીકા, શાહીદ કપૂર અને રણવીરસિંહની ભૂમિકા છે. મલિક મોહમ્મદ જાયસી દ્વારા ૧૬મી સદીની કવિતા પદ્માવત ઉપર આ ફિલ્મ આધારિત છે. સીબીએફસીના ચેરમેન પ્રસુન્ન જોશીની હાજરીમાં આ બેઠક યોજાઈ હતી જેમા કમિટિના સભ્યો અને સેન્સર બોર્ડના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપના ૧૫ થી ૨૦ ધાસાસભ્યોની એક ધરી રચાઈ રહી હોવાનો નિર્દેશ, રૂપાણી સરકાર માટે મુશ્કેલી સર્જી શકે છે

# ફોઈ-કાકા અને બત્રીજાની રાજકીય હિલચાલ મોદી-શાહ માટે નવી ચેલેન્જ?




## પાટીદાર ધારાસભ્યો આનંદીબેન સાથે બેઠક યોજી, હાર્દિકની ચિંતન શિબિરમાં ભાજપના પાટીદાર અસંતુષ્ટોનું "આવો સાથ ચલે"??

ગાંધીનગર,

ભાજપની નવી અને છટ્ઠી સરકારમાં ભાજપના હાઈકમાન્ડે છટ્ઠીનું ધાવણ યાદ આવી જાય તેવી ભયાનક રાજકીય ઘટનાઓ આકાર લઈ રહી છે. ભાજપ માટે પડકારરૂપ પાટીદાર અનામત આંદોલનને તોડી પાડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર નીતિન પટેલને ખાતાઓની વહેંચણીમાં દેખીતો અન્યા ભાજપને ભારે પડી રહ્યો છે. નીતિન પટેલે ખૂલ્લેઆમ ભાજપ હાઈકમાન્ડને કહી દીધું કે મારા લઈ લેવાયેલા ખાતાઓ પાછા નહીં મે તો રાજીનામું નક્કી છે. બીજી તરફ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મુલાકાત કરી છે. પાટીદાર નેતા હાર્દિક પટેલની ચિંતન શિબીરમાં ભાજપના અસંતુષ્ટ નેતાઓના સમર્થકો ભાગ લેવા પહોંચ્યા હોવાના અહેવાલથી અને ભાજપના અંદાજે ૧૫ થી ૨૦ ધારાસભ્યોની એક ધરી રચાઈ રહી હોવાની ગતિવિધિથી હાર્દિકના ફોઈ-કાકા અને ખુદ હાર્દિક(ભત્રીજો) મોદી-શાહની જોડીને પડકારરૂપ બને તો નવાઈ નહીં એવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજકીય સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે નવી સરકારમાં કહેવાય છે કે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના ટેકેદારોને મહત્ત્વ મળ્યું નછી. સૌથી વધુ મતોની સરસાઈથી ઘાટલોડિયાથી જીતેલા તેમના સમર્થક ભૂપેન્દ્ર પટેલને મંત્રી-મંડળમાં સ્થાન મળ્યું નથી. વડોદરામાં ભાજપના રાજેન્દ્ર ત્રિવેદી, યોગેશ પટેલ સહિત તમામ ધારાસભ્યો નારાજ છે અને યોગેશ પટેલનો આનંદીન પટેલ સાથે મુલાકાત યોજીને મંત્રણા પણ કરી છે. અધૂરામાં પૂરું હાર્દિક સામે ભાજપ વતી બાથ ભીડનાર નીતિન પટેલ કે જેમણે હાર્દિકને એમ કહ્યું હતું કે તારા જેવા ઘણાંને મેં રસ્તા દેખાડી દીધા છે અને ચૂંટણી પછી હાર્દિકનું ક્યાંય ખોવાઈ જઈશ એવી ચીમકી આપનાર નીતિન પટેલને આજે ભાજપમાં ઘરનો રસ્તો દેખાડવાનો અને ખોઈ નાંખવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું સૂત્રો માની રહ્યા છે. ભાજપમાં જ્યારે હાર્દિક પટેલની સામે સૌની બોલતી બંધ થઈ ગઈ હતી ત્યારે એકલા નીતિન પટેલે અસલી પાટીદાર ભાયડાની જેમ તેનો સામનો કર્યો અને નવી સરકારમાં તેમની પાસેથી મહત્વના ખાતાઓ છીનવી લઈને તેમની પાંખો કાપવાના કારણે નીતિન પટેલની નારાજગી મંત્રીમંડળની પ્રથમ બેઠકથી જ બહાર આવી ગઈ હતી. એટલું જ નહીં તેમણે જાહેરમાં કહ્યું કે મારા અગાઉના ખાતા પાછા આપો તો જ કામે ચઢું નહીંતર મારું રાજીનામું આવશે. તેમની આ ચિમકીથી ભાજપની નેતાગિરીમાં મોબાઈલ ફોનથી બેટરી ઉતરી જાય એટલી મંત્રણા શરું થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રોએ કહ્યું કે ભાજપના અસંતુષ્ટોમાં હવે નીતિન પટેલ ઉમેરાતા પાટીદાર ધારાસભ્યો અને કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા મધ્ય ગુજરાતના એક સિનિયર ધારાસભ્ય કે જેઓ પોતાની સાથે અન્ય પાંચ ધારાસભ્યો હોવાનો દાવો કરે છે તે અને વડોદરાના અસંતુષ્ટોની એક નવી અસંતોષની ધરી રચાઈ રહી છે. દરમ્યાન બોટાદમાં હાર્દિક પટેલ દ્વારા આયોજિત ચિંતન શિબિરમાં ભાજપના અસંતુષ્ટ પાટીદાર નેતાઓએ પોતાના સમર્થકોને મોટી સંખ્યામાં મોકલીને હાર્દિકને મજબૂત કરવાના પ્રયાસો કર્યા હોવાની રાજકીય ક્ષેત્રે શિયાળાની ઠંડીમાં ગરમાગરમ રીતે ચર્ચાઈ રહ્યું છે.

સૂત્રોએ વધુમાં કહ્યું કે ખુદ ભાજપ હાઈકમાન્ડે એવી આશા નહોતી કે ખાતાઓની વહેંચણીથી આટલી મોટી નારાજગી બહાર આવશે. નીતિન પટેલ મહત્ત્વના ખાતાઓ મેળવવા માટે એવી દલીલ કરી રહ્યા છે કે ભોગ અમે આપીએ આંદોલનકારીઓ સામે લડવા અમને આગળ કરવામાં આવે અને નંબર-ટુ મુજબ જે ખાતાઓ મોભો અને પ્રતિષ્ઠા મુજબ મળવા જોઈએ તે નહીં આપીને અમારે લોલીપોપ ચૂસવાની? ભાજપના કેટલાક પાટીદાર ધારાસભ્યો નીતિન પટેલને આ મુદ્દે ટેકો આપી રહ્યા છે. ભાજપમાં આનંદીબેન પટેલને પાટીદાર આંદોલનને કારણે સત્તા ગુમાવવી પડી તે હકીકત છે અને નવી સરકારમાં તેમના ટેકેદારોનો પણ સમાવેશ કરાયો નથી. આમ એમ ચર્ચાઈ રહ્યું છે કે હાર્દિક જેમને ફોઈ કહે છે તે આનંદીબેન પટેલ, કાકા નીતિન પટેલ અને તેમના ભત્રીજા ખુદ હાર્દિક પટેલ એક થઈને ભાજપની નવી સરકાર અને કહીં પે નિગાહેં, કહીં પે નિશાનાની જેમ ભાજપ હાઈકમાન્ડ(મોદી-શાહની જોડી)ને સીધો પડકાર આપવાનો પ્રયાસ તો કરી રહ્યા નથી ને? એવા પ્રશ્નો પણ ભાજપ અને રાજકારણમાં ચર્ચાઈ રહ્યા છે. ભાજપના ૨૨ વર્ષના ઈતિહાસમાં એવું પ્રથમવાર બન્યું કે શપથવિધિના ત્રણ દિવસ બાદ ખાતાઓની વહેંચણી થઈ અને તેમાં પણ ડખ્ખો બહાર આવ્યો છે ત્યારે કંઈક નવી જૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા હોવાનું સૂત્રોનું માનવું છે.

## ઊંઝા ઉમિયાધામ ટ્રસ્ટના પ્રમુખ વિક્રમ પટેલનુ નિધન

મહેસાણા,

કડવા પાટીદાર સમુદાયના આસ્થાના કેન્દ્ર સમાન ઊંઝા ઉમિયાધામ ટ્રસ્ટના ચેરમેન વિક્રમ પટેલનુ અવસાન થતા પાટીદાર સમાજમાં શોકની લાગણી પ્રવર્તી ગઈ છે. હૃદયરોગના હુમલાથી વિક્રમ પટેલનુ અવસાન થયુ છે. તેઓ થોડા સમય પહેલા જ ઉમિયા ટ્રસ્ટના પ્રમુખ બન્યા હતા. તેમના પાર્થિવદેહને ઊંઝા ખાતે તેમના નિવાસ સ્થાને અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યો હતો. સવારે ૯:૩૦ કલાકથી ૧૦:૩૦ કલાક સુધી યોજાયેલ અંતિમ દર્શનમાં મોટી સંખ્યામાં પાટીદાર સમુદાયના આગેવાનો અને લોકો ઉમટી પડ્યા હતા. ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલ ઉપરાંત ઉમિયાધામ ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ અને ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલ પણ તેમના અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા. તો પાસ કન્વીનર હાર્દિક પટેલે પણ વિક્રમ પટેલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. વિક્રમ પટેલની અંતિમ ઈચ્છા હતી કે તેમના દેહને વડનગરમાં નવી બનેલ મેડિકલ કોલેજમાં દાન આપવામાં આવે. તે મુજબ તેમના દેહનૂ વડનગર સ્થિત મેડિકલ કોલેજમાં દાન કરવામાં આવ્યુ છે. આ માટે ઊંઝામાં તેમના નિવાસ સ્થાનેથી વડનગર સુધી તેમની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર આગેવાનો અને સ્થાનિક લોકો જોડાયા હતા. વિક્રમ પટેલ ચાણસ્માના ધારાસભ્ય પણ રહી ચુક્યા છે.

## હોટલ-રેસ્ટોરન્ટ, કલબો-ફાર્મહાઉસ પર ડાન્સ પાર્ટીનું આયોજન

# અમદાવાદમાં નવા વર્ષના સ્વાગત માટે ઉત્સાહ વચ્ચે યુવા પેઢી સજ્જ

## હજારો યુવા હૈયાઓ રાત્રે સીજી રોડ અને એસજી હાઈવે સહિતના માર્ગો પર ફરવા નીકળશે : પોલીસ હાઈએલર્ટ પર:યુવા પેઢી જશ્નમાં ડુબી જવા તૈયાર

અમદાવાદ,

શહેર સહિત રાજયભરમાં આવતીકાલે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહ વચ્ચે ઉજવણી કરી નવા ૨૦૧૮ના વર્ષને વધાવવા પ્રજાજનો આતુર બન્યા છે. થર્ટી ફર્સ્ટની ઉજવણી અને ન્યુ યરને લઈ શહેરની મોટાભાગની હોટલ-રેસ્ટોરન્ટ્સ, કલબો-ફાર્મહાઉસ અને પાર્ટીપ્લોટોમાં ડાન્સ પાર્ટી, નાચ-ગાન, ડિનર પાર્ટી સહિતના રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શબાબ અને શરાબની જામનારી મહેફિલો વચ્ચે ખાસ કરીને યંગસ્ટર્સ થર્ટી ફર્સ્ટની ઉજવણી અને નવા વર્ષને આવકારવા ભારે થનગની રહ્યા છે અને આવતીકાલની ઉજવણીને લઈ યંગસ્ટર્સ દ્વારા ખાસ પ્લાનીંગ કરાયું છે. તો બીજીબાજુ, આવતીકાલે દર વર્ષની જેમ હજારો યુવા હૈયાઓ રાત્રે સી.જી.રોડ અને એસ.જી.હાઈવે સહિતના માર્ગો પર કિડિયારાની જેમ ઉભરાશે અને ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહના માહોલ વચ્ચે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અને ન્યુ યરની ઉજવણી કરશે. થર્ટી ફર્સ્ટ અને ન્યુ યરની ઉજવણીને લઈ મોડી રાત સુધી ચાલનારી પાર્ટીઓ અને યુવા હૈયાઓની ઉજવણીને લઈ શહેર પોલીસને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. આવતીકાલે યોગાનુયોગ પણ એવો બન્યો છે કે, સપ્તાહનો છેલ્લો દિવસ છે, મહિનાનો પણ છેલ્લો દિવસ છે અને વર્ષનો પણ છેલ્લો દિવસ છે. આવતીકાલે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર વર્ષનો છેલ્લો દિવસ અને નવા વર્ષના વધામણાંનો સોનેરી અવસર હોઈ શહેર સહિત રાજયભરમાં ન્યુ યરનો માહોલ છવાયો છે. ખાસ કરીને અમદાવાદ શહેરની મોટાભાગની હોટલ-રેસ્ટોરન્ટ્સ, કલબો-ફાર્મ હાઉસ, પાર્ટીપ્લોટો પહેલેથી જ બુક થઈ ગયા છે. આ તમામ સ્થળોએ આ વખતે વિવિધ થીમ બેઝ અને ડીજેના તાલ અને રોકીંગ રમઝટ સાથે ડાન્સ પાર્ટી, નાચ-ગાન, ડિનર પાર્ટી સહિતના રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ અને હાઈવે પરની કેટલીક હાઈફાઈ અને વૈભવી હોટલોમાં તો, શરાબ અને શબાબની મહેફિલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કેટલાક ડાન્સ પાર્ટીના સ્થળોએ તો વિદેશી યુવતીઓ-ડાન્સરને બોલાવવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. યંગ સ્ટર્સ દ્વારા આવતીકાલની થર્ટી ફર્સ્ટ અને ન્યુ યરની ઉજવણીને લઈ ખાસ આયોજન કર્યું છે. તેઓ પોતાના મિત્ર વર્તુળમાં અથવા તો, કપલ તરીકે તેમ જ ગ્રુપમાં ડાન્સ પાર્ટી સહિતના રંગારંગ કાર્યક્રમોની ઉજવણી કરવા આતુર બન્યા છે. કેટલીક હોટલ-રેસ્ટોરન્ટ્સ અને કલબો-ફાર્મહાઉસમાં તો, થર્ટી ફર્સ્ટ અને ન્યુ યરને લઈ ડિનર અને મિજબાનીની કંઈક અલગ જ મનભાવન તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં આ વખતે અલગ પ્રકારની વાનગીઓ અને આઈટમો મેનુમાં ઉમેરવામાં આવી છે. થર્ટી ફર્સ્ટ અને ન્યુ યરની ઉજવણીને લઈ શહેરની કેટલીક શાળાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ રંગબેરંગી ફુગ્ગાઓ ઉડાડી, ગીત-સંગીત અને સાંસ્કૃતિ કાર્યક્રમોના વિશેષ આયોજન કરાયા છે. બીજીબાજુ, આવતીકાલે થર્ટી ફર્સ્ટ અને ન્યુ યરની ઉજવણીને લઈ શહેર પોલીસ તંત્રને હાઈ એલર્ટ પર રખાયું છે. ખાસ કરીને મહિલા પોલીસની વિવિધ ટીમો પણ છૂપા વેશમાં સી.જી રોડ, એસ.જી. હાઈવે સહિતના કેટલાક સ્થળોએ પેટ્રોલીંગમાં રહેશે અને દારૂ પીને છાકટા બનતા કે, યુવતીઓ-મહિલાઓની છેડતી કરતા તત્વો પર ચાંપતી નજર રાખી તેઓને જબ્બે કરશે. આવતીકાલે પોલીસ દ્વારા રાતભર શહેરભરમાં ખાસ કરીને સીજી રોડ, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં પેટ્રોલીંગ અને ખાસ વોચ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

# ભારે ઉત્સુકતા વચ્ચે ફલાવર શો શરૂ : મુખ્યમંત્રી પહોંચ્યા

અમદાવાદ,

જેની ઉત્સુકતાપૂર્વક પર્યાવરણ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ફલાવર શોની આજે રિવરફ્રન્ટ ખાતે શરૂઆત થઈ હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફલાવર શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સતત ૧૧ દિવસ સુધી ચાલનારા રિવરફ્રન્ટ ખાતેના આ ફલાવર શોના ગત વર્ષે કરવામાં આવેલા આયોજન સમયે અંદાજે વીસ લાખ જેટલા મુલાકાતીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.આ અંગે શહેરના મેયર ગૌતમ શાહે વધુ વિગતો આપતા કહ્યુ કે, ફલાવર શો ૯ જાન્યુઆરી સુધી ચાલશે. આ ફલાવર શોનો આરંભ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આજે સવારે કરવામાં આવ્યો હતો. સવારે ૧૦ થી રાત્રીના ૯ કલાક સુધી મુલાકાતીઓ આ ફલાવર શોને માણી શકશે.આ વખતના ફલાવર શોમાં ફૂલોના ૪૨ સ્કલ્પરની વિશેષતા મુલાકાતીઓને આકર્ષિત કરશે. દેશી અને વિદેશી ફૂલોના ફલાવર બેડ પણ લોકોના મન મોહી લેશે. આ ઉપરાંત યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને આ વર્ષે વૈશ્વિક હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હોવાથી તંત્રના હેરિટેજ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના ઈતિહાસને પ્રદર્શિત કરતા તસ્વીરી પ્રદર્શનને પણ રજુ કરવામા આવનાર હોવાથી આ પ્રદર્શનને મુલાકાતીઓ નિહાળી શકશે.ફલાવર શોમાં અમદાવાદ ઉપરાંત રાજયના વિભિન્ન ભાગોની સાથે મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશની ખાનગી નર્સરીના કુલ ૧૪ જેટલા વિશેષ સ્ટોલ પણ કાર્યરત કરવામાં આવનાર છે.જે પરથી પણ વિવિધ છોડના રોપા વેચાણથી મળી શકશે.

## અવસર

## મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા બોરીવલીમાં આવતી કાલે મુશાયરો



કીર્તિ વાઘેલા



ભાવેશ શાહ 'શહેરી'



બિનિતા પુરોહિત



સૂર્યકાંત નરસિંહ સૂર્ય



હેમંત કારિયા



હેમા મહેતા



દિગંત મેવાડા



અક્ષિતા દમણિયા



ચેતન ફ્રેમવાલા (સંચાલક)

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા આવતી કાલે સાંજે બોરીવલીમાં 'તો દોસ્ત, હવે સંભળાવ ગઝલ' શીર્ષક હેઠળ મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ચીકુવાડી રેસિડન્ટ્સ વેલ્ફેર અસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ સાહિત્યરસિકોમાં ઓછા જાણીતા પણ સારું લખતા શાયરોને એક મંચ પર લાવવાનો છે. આ મુશાયરામાં કીર્તિ વાઘેલા, ભાવેશ શાહ 'શહેરી', બિનિતા પુરોહિત, સૂર્યકાંત નરસિંહ સૂર્ય, હેમંત કારિયા, હેમા મહેતા અને દિગંત મેવાડા ગઝલપાઠ કરશે. સંચાલન ચેતન ફ્રેમવાલાનું છે. યુવા પેઢીનું પ્રતિનિધિત્વ કરતી કાવ્ય-ભાવક અક્ષિતા દમણિયા કાવ્યપઠન કરશે. કાર્યક્રમમાં સર્વેને જાહેર આમંત્રણ છે. વધુ વિગતો માટે 88500 74946 અથવા 99676 01240 નંબર પર સંપર્ક કરવો. સ્થળ : જોગર્સ પાર્ક, ચીકુ વાડી, બોરીવલી (વેસ્ટ), સમય : સાંજે ૬ વાગ્યે.

આખે - આખા ઠલવાણા છૈં, તારે ઠીક છે
ઝીલાણાં ક્યાં, વેરાણા છૈં તારે ઠીક છે !

ડૂમા, ડુસ્કાં, કળતર, પીડા, ને ઊં'કારા
કેવું કેવું પીલાણા છૈં, તારે ઠીક છે !

વેંઢાર્યો ધાણીફૂટ તડકો લૂ ઝરતો તેં
અંદર - બહારે શેકાણા છૈં, તારે ઠીક છે !

ઓછું નથ વેઠ્યું કંઈ કૂણી લાગણીયુંએ
ઉઝરડે ઉતૈડાણા છૈં, તારે ઠીક છે !

મેલ્યો નહીં કેડો, ખેધીલી કઠણાંયુંએ
મૂંઝારે બૌ મૂંઝાણા છૈં, તારે ઠીક છે !

આઘા - ઓરા સંધાય સંબંધોને ખાતર
જીવતર આખું ટિચાણા છૈં, તારે ઠીક છે !

ટેકવેલી જ્યાં જાત,એ ભીંતો બરછટ થૈ ગૈ
મન સોંસરવા છોલાણા છૈં,તારે ઠીક છે !

© ડૉ.મહેશ રાવલ

## કલિયુગના હરિશ્ચંદ્ર મહેશ સવાણી



માથા ઉપર થી પિતાનું છત્ર ગુમાવનાર સર્વ સમાજ ની ૨૫૧ પુત્રી સમાન દીકરીઓને લગ્ન.કન્યાદાન મા ૧૦-૧૦ લાખ ડિપોઝીટ એફ ડી આપનાર કલિયુગ ના હરિશ્ચંદ્ર સુરત ના ઉદ્યોગપતિ મહેશ સવાણી ભાઈ જન ફરિયાદ દેશ વિદેશ તેમજ ન્યુઝ ઓફ ગાંધીનગર પરિવાર સો સો સલામ પ્રણામ સાથે કરે છે.સરકારી બેટી બચાવો તેમજ કન્યા કેળવણી ની યોજનાઓ મા ધક્કા ખાનાર પરિવારો અને ભ્રષ્ટ કર્મચારીઓ ને પ્રોત્સાહન આપનાર રાજનેતાઓ માટે સામાજિક લાલબત્તી સમાન આ દાખલો ભવિવોટબેક્ર ઉપર રાજનેતાઓ નેઅસરકર્તા સમાન છે.સમાજ ના આ પ્રેરણાદાયી બહુમુખી પિતા તુલ્ય મહેશ સવાણી ને સર્વ સમાજ વતી સેલ્યુટ....જન ફરિયાદ.ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર વતી પ્રદીપ રાવલ.

# રૂદ્ર હત્યા કેસ : પોલીસ સામે લોકોનો આક્રોશ સપાટી પર

અમદાવાદ,

શહેરના મણિનગરના ઉત્તમનગર પાસે સહજાનંદ ફલેટમાંથી ત્રણ દિવસ પહેલાં લાપત્તા થયેલા દસ વર્ષના રૂદ્ર ચોકસીની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ તેના ઘેર લાવવામાં આવી હતી. રૂદ્રના મૃતદેહને જોઈ ભલભલાના કાળજા કંપી ગયા હતા તો, માતા-પિતા સહિત પરિવારજનો પર તો આભ તૂટી પડયું હતું. ભારે આદર અને સન્માન સાથે નીકાળવામાં આવેલી રૂદ્રની અંતિમયાત્રામાં સ્થાનિક રહીશો સહિત હજારો લોકો સ્વયંભુ જોડાયા હતા. રૂદ્રના કેસની હકીકતો સાંભળી અંતિમયાત્રામાં જોડાયેલા ભલભલા કઠણ કાળજાવાળા લોકોની આંખમાં પણ આંસુ આવી ગયા હતા. બીજીબાજુ, રૂદ્રની હત્યાને લઈ સમગ્ર વિસ્તારમાં અને સ્થાનિક રહીશોમાં પોલીસ સામે ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો હતો. આ પ્રકરણમાં પકડાયેલા ત્રણ આરોપીઓ પૈકી બે સગીર છે પરંતુ ગુનાની ગંભીરતા અને ક્રૂરતા જોઈને સ્થાનિક રહીશોએ આરોપીઓને ફાંસીની સજા આપવાની ઉગ્ર માંગણી કરી હતી. ખાસ કરીને મહિલાઓએ તો ઉગ્ર આક્રોશ સાથે આરોપીઓને જનતાને સોંપી દેવા પણ માંગ કરી હતી. બીજીબાજુ, લોકોના આક્રોશને જોઈ પોલીસ તંત્ર દ્વારા પણ સલામતી વ્યવસ્થા બહુ ચુસ્ત અને સઘન ગોઠવી દેવાઈ હતી. શહેરના મણિનગરના ઉત્તમનગર પાસે સહજાનંદ ફલેટમાંથી ત્રણ દિવસ પહેલાં લાપત્તા થયેલા દસ વર્ષના રૂદ્ર ચોકસીનું તેની પાડોશમાં જ રહેતા ૧૭ વર્ષીય સગીર આરોપી અને તેના ફલેટમાં જ રહેતા ૨૧ વર્ષીય દિપ અને તેના મિત્રના ૧૭ વર્ષીય ભાઈ એમ ત્રણેય આરોપીઓએ મળી અપહરણ કર્યું હતું અને રૂદ્રના પિતા પાસેથી રૂ.૨૦ લાખની ખંડણી માંગવાનો પ્લાન બનાવ્યો હતો પરંતુ તે પહેલાં જ રૂદ્રએ બૂમાબૂમ કરતાં એક આરોપીએ છરી તેના ગળા પર ફેરવી દેતાં તેનું કરૂણ મોત નીપજ્યુ હતું. આરોપીઓ બાદમાં તેની લાશ અગોરા મોલ પાસેની અવાવરૂ જગ્યાએ ફેંકી આવ્યા હતા અને બાદમાં દિપના ઓઢવના વિરાટનગર ખાતે રહેતા તેના મિત્રના ૧૭ વર્ષીય ભાઈએ રૂદ્રની બહેનને ફોન કરી રૂદ્ર જોઈતો હોય તો અગોરા મોલ પાસે આવી જવા જણાવ્યું હતું. આ અંગે ક્રાઈમબ્રાંચને જાણ કરાતાં પોલીસે મોબાઈલના લોકેશનના આધારે આરોપીઓને ઝડપી લેવાયા હતા. ક્રાઈમબ્રાંચની તપાસમાં એવો પણ ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આરોપી દિપ પારેખને મોજશોખ પાછળ અઢી લાખ રૂપિયાનું દેવું થઈ ગયું હતુ અને તેથી તેની ભરપાઈ માટે તેણે ક્રાઈમ પેટ્રોલ સિરિયલ જોઈ રૂદ્રનું અપહરણ કરી સોના-ચાંદીનો વેપાર કરતાં તેના પિતા પાસેથી રૂ.૨૦ લાખ પડાવવાનો પ્લાન ઘડયો હતો. જો કે, આરોપીઓ સગીર હોવાના કારણે અને કાચી ઉંમર હોઈ તેમનું પ્લાનીંગ ફેલ ગયું હતુ. પોલીસે તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. જો કે, આ સમગ્ર હત્યા પ્રકરણમાં હજુ કેટલીક કડીઓની વિગતો ખૂટતી હોઈ પોલીસે તેનો તાગ મેળવવાની દિશામાં પણ ચક્રો ગતિમાન કર્યા છે. દરમ્યાન આજે રૂદ્રનો મૃતદેહ તેના ઘરે લવાતાં સ્થાનિક લોકો અને આસપાસના વિસ્તારના લોકો ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. રૂદ્રની હત્યાને લઈ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાયો હતો. તેની અંતિમયાત્રામાં પણ લોકો સ્વયંભુ જોડાયા હતા.

## માંગણી

જિંદગીભર એ કરે છે તાવણી,
આ બધી દિલની વ્યથાઓ આપણી.

રિક્તતા સંબંધમાં કેવી હશે.!
સાવ પોલી નીકળી છે લાગણી.

ક્યાં ભરશે પેટ આ સંજોગનું?
રોજ એ કરતાં રહે છે માંગણી.

જ્યાં જઈને વ્યક્ત કરીએ વેદના,
હો જગા એકાદ એવી આપણી.

હિમની માફક થીજ્યો 'આનંદ' તો,
ઘર જાળવી મેં કરી છે તાપણી.

- અશોક જાની 'આનંદ'

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ : બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001